# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨ તા.૧૫-૦૪-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધોરણ ૧ થી ૮ના પરિણામ પત્રકો ચેક કરાવવા અને પરિણામ જાહેર કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પોતાના બીટના સુપરવાઈઝરશ્રી પાસેથી સમય મેળવીને નીચે મુજબ પરિણામપત્રકો ચેક કરાવવાના રહેશે.

| ધોરણ | માધ્યમ | સુપરવાઈઝરશ્રી દ્વારા ચકાસણીની તારીખ | રિમાર્ક |
|---|---|---|---|
| ૧ થી ૫ | તમામ | ૨૬-૦૪-૨૦૨૪ | સુપરવાઈઝરશ્રીના માર્ગદર્શનને આધારે દરેક મુખ્ય શિક્ષકશ્રીએ જાતે જ ચકાસણી કરીને પરિણામપત્રકો ચકાસવાના રહેશે. જેને જણાવેલ તારીખના રોજ શાળા છુટયા પછી સુપરવાઈઝરશ્રી પાસે રજુ કરવાના રહેશે. |
| ૬ થી ૮ | તમામ | ૨૯-૦૪-૨૦૨૪ | |

- ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓનું પરિણામ તા.૦૩-૦૫-૨૦૨૪ના રોજ જાહેર કરવાનું રહેશે અને તે દિવસે શાળા સમય દરમિયાન વર્ગશિક્ષકે જાતે હાજર રહીને વાલી-વિદ્યાર્થીને પરિણામ આપવું. પરિણામના દિવસે કોઈ વિદ્યાર્થી પરિણામ લેવા ન આવે તો તે તમામ પરિણામ મુખ્ય શિક્ષકશ્રીએ પોતાની પાસે રાખવા અને ત્યારબાદ આવનાર વાલી-વિદ્યાર્થીને આપવા.
- ધો.૮ના વિદ્યાર્થીઓને પત્રક-F માં પરિણામ આપવું.
- આઠમાં ધોરણમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના સ્કૂલ લીવિંગ સર્ટી.માં કોઈપણ ભૂલ રહી ન જાય તથા છેકછાક ન થાય તે રીતે તૈયાર કરવાની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની છે. સ્કૂલ લીવિંગ સર્ટી.જે તે વિદ્યાર્થીના વાલીના જ હાથમાં આપવું તેમજ ધો.૮ના વિદ્યાર્થીઓ જે શાળામાં પ્રવેશ મેળવે તે શાળાનું નામ અને વિદ્યાર્થીનો જી.આર. નંબર અવશ્ય લેવો.
- ઉનાળુ વેકેશન તા.૦૬-૦૫-૨૦૨૪ થી તા.૦૯-૦૬-૨૦૨૪ સુધીનું રહેશે. તા.૧૦-૦૬-૨૦૨૪ને સોમવારથી નવું સત્ર શરૂ થશે.

તા.૧૫-૦૪-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી